## પરિપત્ર

**તા.૦૧/૦૭/૨૦૨૩ થી રાજ્ય સરકારના સાતમાં પગારપંચ મુજબ પગાર અને પેન્શન મેળવતા કર્મચારીઓ/પેન્શનરોને મળવાપાત્ર મોંઘવારી ભથ્થાના દરમાં ૪% વધારો કરવા બાબત.**

ગુજરાત સરકાર, નાણાં વિભાગનાં તા. ૨૯/૦૨/૨૦૨૪ ના ઠરાવ ક્રમાંક: વલભ-૧૦૨૦૧૬-જીઓઆઈ-૭-ચ થી રાજ્ય સરકારના **સાતમાં પગારપંચ** મુજબ પગાર અને પેન્શન મેળવતા કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થાના પ્રવર્તમાન **૪૨%** ના દરમાં સુધારો કરી તા.૦૧/૦૭/૨૦૨૩ ની અસરથી **૪%** વધારો કરી મૂળ પગારના **૪૬%** ના દરે મોંઘવારી ભથ્થું ચૂકવવાનું ઠરાવવામાં આવેલ છે તેમજ ગુજરાત સરકાર, નાણાં વિભાગનાં ઉપરોક્ત ઠરાવ પરત્વે પ્રસ્તુત (તા.૦૧/૦૭/૨૦૨૩ થી ફેબ્રુઆરી-૨૦૨૪) મળવાપાત્ર મોંઘવારી ભથ્થાના પગાર તફાવતની રકમ ચુકવવા અંગે જરૂરી સ્પષ્ટતા કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

**કર્મચારીઓના કિસ્સામાં,** માર્ચ-૨૦૨૪ માસ થી મૂળ પગારના **૪૬%** મુજબનું મોંઘવારી ભથ્થુ માસિક પગાર સાથે નિયમિત રીતે તથા તા.૦૧/૦૭/૨૦૨૩ ની અસરથી **૪૬%** ના દરે જુલાઈ-૨૦૨૩ થી ફેબ્રુઆરી-૨૦૨૪ સુધીના કુલ–૮ માસના મોંઘવારી ભથ્થાના તફાવતની રકમ ત્રણ હપ્તામાં રોકડમાં ચુકવવાની રહેશે. **(૧) પ્રથમ હપ્તો (જુલાઈ–૨૦૨૩ થી સપ્ટેમ્બર–૨૦૨૩)** માર્ચ-૨૦૨૪ માસના પગાર (પેઈડ ઇન એપ્રિલ-૨૦૨૪) ની સાથે **(૨) બીજો હપ્તો (ઓક્ટોબર–૨૦૨૩ થી ડીસેમ્બર–૨૦૨૩)** એપ્રિલ-૨૦૨૪ માસના પગાર (પેઈડ ઇન મે-૨૦૨૪) ની સાથે તથા **(૩) ત્રીજો હપ્તો (જાન્યુઆરી–૨૦૨૪ થી ફેબ્રુઆરી–૨૦૨૪)** મે-૨૦૨૪ માસના પગાર (પેઈડ ઇન જુન-૨૦૨૪) ની સાથે ચુકવવાનું થાય છે. પ્રસ્તુત તફાવતની રકમ URP સોફ્ટવેરમાં **DA Arrear માં** દર્શાવી પગાર બીલ સાથે ચૂકવવાની કાર્યવાહી કરવાની રહેશે.

**પેન્શનરોના કિસ્સામાં,** માર્ચ-૨૦૨૪ માસ થી મૂળ પેન્શનના **૪૬%** મુજબનું મોંઘવારી ભથ્થુ માસિક પેન્શન સાથે નિયમિત રીતે તથા તા.૦૧/૦૭/૨૦૨૩ ની અસરથી **૪૬%** ના દરે જુલાઈ-૨૦૨૩ થી ફેબ્રુઆરી-૨૦૨૪ સુધીના કુલ–૮ માસના મોંઘવારી ભથ્થાના તફાવતની રકમ ત્રણ હપ્તામાં રોકડમાં ચુકવવાની રહેશે. **(૧) પ્રથમ હપ્તો (જુલાઈ–૨૦૨૩ થી સપ્ટેમ્બર–૨૦૨૩)** માર્ચ-૨૦૨૪ માસના પેન્શન (પેઈડ ઇન એપ્રિલ-૨૦૨૪) ની સાથે **(૨) બીજો હપ્તો (ઓક્ટોબર–૨૦૨૩ થી ડીસેમ્બર–૨૦૨૩)** એપ્રિલ-૨૦૨૪ માસના પેન્શન (પેઈડ ઇન મે-૨૦૨૪) ની સાથે તથા **(૩) ત્રીજો હપ્તો (જાન્યુઆરી–૨૦૨૪ થી ફેબ્રુઆરી–૨૦૨૪)** મે-૨૦૨૪ માસના પેન્શન (પેઈડ ઇન જુન-૨૦૨૪) ની સાથે ચુકવવાનું થાય છે. પ્રસ્તુત તફાવતની રકમ URP સોફ્ટવેરમાં **TI/DR Arrear માં** દર્શાવી પેન્શન બીલ સાથે ચૂકવવાની કાર્યવાહી કરવાની રહેશે.

**મોંઘવારી ભથ્થામાં** ૫૦ (પચાસ) પૈસા અને તેના કરતા વધુ પૈસાની ચુકવણી આખા રૂપિયા પ્રમાણે થશે અને ૫૦ (પચાસ) પૈસા કરતા ઓછી રકમને ગણતરીમાં લેવામાં આવશે નહીં. NPS ખાતા ધારક કર્મચારીઓની મોંઘવારી ભથ્થાના દરેક તફાવત બીલ માંથી **NPS ફાળાની કપાત** કરી જમા કરાવવાની રહેશે.

**બિડાણ:–** ગુજરાત સરકાર નાણાં વિભાગનો તા. ૨૯/૦૨/૨૦૨૪ નો ઠરાવ.

**જા.નં. નકૃયુ/હિનિ/વહટ/૮૧૭/૨૦૨૪**
**નવસારી, તા. ૦૧/૦૩/૨૦૨૪**

**હિસાબ નિયામક**

**નકલ જયભારત સાથ રવાના (e-પરિપત્ર દ્વારા જાણ તથા અમલ થવા સારૂ):–**

(૧) આ યુનિવર્સિટી તમામ કચેરીઓના વડાશ્રીઓ/નાણાં ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓ તરફ.

**નકલ રવાના (e-પરિપત્ર દ્વારા જાણ તથા અમલ થવા સારૂ):–**

(૧) વહિવટી-વ-હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ.

(૨) અત્રેની કચેરીના આઈ.ટી. વિભાગ તરફ ઓનલાઈન **(URP)** સોફ્ટવેરમાં જરૂરી ફેરફારો કરવા સારૂ.

(૩) આ કચેરીની પેન્શન બીલ શાખા તેમજ પગાર બીલ શાખા તરફ ઉપરોક્ત સૂચના મુજબ મોંઘવારી ભથ્થાના તફાવતનાં નાણાં કર્મચારી તેમજ પેન્શનરોને ચૂકવણા કરવાની કાર્યવાહી હાથ ધરવા સારૂ.

તા. ૧/૭/૨૦૨૩ થી રાજ્ય સરકારના કર્મચારીઓ/પેન્શનરોને મળવાપાત્ર મોંઘવારી ભથ્થાના દરમાં ૪% વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ
**ઠરાવ ક્રમાંક** : વલભ–૧૦૨૦૧૬–જીઓઆઇ–૭–ચ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૨૯/૦૨/૨૦૨૪

**વંચાણે લીધા:**

**(૧)** નાણા વિભાગનો તા. ૧૬/૦૫/૨૦૧૮નો ઠરાવ ક્ર. વલભ–૧૦૨૦૦૭–૨૦૧૬–ચ
**(૨)** નાણા વિભાગનો તા. ૨૩/૫/૨૦૨૩ નો ઠરાવ ક્ર. વલભ–જીઓઆઇ–૭–ચ
**(૩)** ભારત સરકારનો તા. ૨૦/૧૦/૨૦૨૩ નો કચેરી હુકમ નં.૧/૪/૨૦૨૩/ ઈ.૨(બી)

**ઠરાવ:**

ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો– ૨૦૧૬ હેઠળના પગારધોરણો મુજબના પગાર ઉપર, સંદર્ભ (૨) માં દર્શાવેલ તા. ૨૩/૫/૨૦૨૩ના સરકારી ઠરાવ અન્વયે રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને તા.૧/૧/૨૦૨૩ ની અસરથી ૪૨% ના દરે મોંઘવારી ભથ્થુ મળવાપાત્ર થશે તેમ ઠરાવવામાં આવેલ છે.

ઉપર સંદર્ભ (૩) માં દર્શાવેલ ભારત સરકારના તા. ૨૦/૧૦/૨૦૨૩ના ઓફીસ મેમોરેન્ડમથી, કેન્દ્ર સરકારના કર્મચારીઓ કિસ્સામાં, તા.૧/૭/૨૦૨૩ની અસરથી હાલમાં ચુકવવામાં આવતા મોંઘવારી ભથ્થાના ૪૨% ના દરમાં વધારો કરી ૪૬% ના દરે મોંઘવારી ભથ્થુ ચુકવવાનું ઠરાવવામાં આવેલ છે. રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થાના પ્રવર્તમાન ૪૨% ના દરમાં તા. ૧/૭/૨૦૨૩ થી ૪% (ચાર ટકા) વધારો કરી, ૪૬% કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરોના કિસ્સામાં નીચે દર્શાવ્યા મુજબના દરે મોંઘવારી ભથ્થુ મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

| ચૂકવવા પાત્ર તારીખ | ચૂકવવા પાત્ર માસિક મોંઘવારી ભથ્થાનો દર |
|---|---|
| **તા. ૧/૭/૨૦૨૩ થી** | **મૂળ પગારના ૪૬%** |

રાજ્ય સરકાર અને પંચાયતના કર્મચારીઓને તા.૧/૭/૨૦૨૩ થી ફેબ્રુઆરી–૨૦૨૪ સુધીના મળવાપાત્ર મોંઘવારી ભથ્થાના પગાર તફાવતની રકમ ૩ હપ્તામાં રોકડમાં ચૂકવવાની રહેશે.

**(૧)** પ્રથમ હપ્તો(જુલાઈ,૨૦૨૩થી સપ્ટેમ્બર,૨૦૨૩) માર્ચ માસના પગાર (પેઈડ ઇન એપ્રિલ) સાથે

**(૨)** બીજો હપ્તો(ઓકટોબર,૨૦૨૩થી ડીસેમ્બર,૨૦૨૩) એપ્રિલ માસના પગાર (પેઈડ ઇન મે) સાથે

**(૩)** ત્રીજો હપ્તો(જાન્યુઆરી,૨૦૨૪ થી ફેબ્રુઆરી,૨૦૨૪) મે માસના પગાર (પેઈડ ઇન જુન) સાથે

રાજ્ય સરકારના પેન્શનરોને તા. ૧/૭/૨૦૨૩થી ફેબ્રુઆરી–૨૦૨૪ સુધી મળવાપાત્ર હંગામી વધારાના તફાવતની રકમ રોકડમાં ઉપર મુજબ હપ્તામાં ચૂકવવાની રહેશે. મોંઘવારી ભથ્થામાં ૫૦ (પચાસ) પૈસા અને તેના કરતાં વધુ પૈસાની ચૂકવણી આખા રૂપિયા પ્રમાણે થશે અને ૫૦ (પચાસ) પૈસા કરતા ઓછી રકમને ગણતરીમાં લેવામાં આવશે નહીં.

આ હુકમો જેમના પ્રોવિડન્ટ ફંડ ખાતા રાજ્ય સરકાર હસ્તક છે તેવા રાજ્ય સરકારના તમામ કર્મચારીઓ તથા પંચાયત કર્મચારીઓ, માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ, સહાયક અનુદાન મેળવતી બિન સરકારી શાળાઓ/સંસ્થાઓ જેમના કર્મચારીઓને રાજ્ય સરકારની મંજુરીથી સાતમા પગારપંચ પ્રમાણે પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ છે તેવા કર્મચારીઓને લાગુ પડશે.

આ હુકમોનો લાભ ઉચિત ફેરફાર સાથે પ્રાથમિક શિક્ષકો અને પંચાયતમાં પ્રતિનિયુક્તિ ઉપરના અથવા બદલી પામેલ કર્મચારીઓ તેમજ કામ પુરતા મહેકમ પરના કર્મચારીઓ જેમને સાતમા પગારપંચ મુજબ પગારસુધારણા મંજુર કરવામાં આવેલ છે તેમને મળવાપાત્ર થશે.

પંચાયતો દ્વારા તેમના કર્મચારીઓને મંજુર કરેલ મોંઘવારી ભથ્થાના કારણે અને બિન સરકારી માધ્યમિક શાળાઓને તેમના શિક્ષકોને તેમજ સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓને તેમના કર્મચારીઓને આપવાના થતા મોંઘવારી ભથ્થાના કારણે થતું ખર્ચ, આ હુકમોમાં નિયત કર્યા પ્રમાણે વિનિયમિત કરવામાં આવશે. આ હુકમોને કારણે થતું ખર્ચ તે શરતે અનુદાનને પાત્ર ગણવામાં આવશે કે આ રીતે મંજુર કરેલ મોંઘવારી ભથ્થાના તફાવતનો હિસ્સો રાજ્ય સરકારના સમકક્ષ કર્મચારીઓને મળવાપાત્ર હિસ્સા કરતાં વધારે ન થવો જોઇએ.

રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર મોંઘવારી ભથ્થામાં થતો આ વધારો જેમને સાતમા પગાર પંચ મુજબ પગાર સુધારણા થયેલ છે તેમને મળવાપાત્ર થશે.

આ હુકમો અખિલ ભારતીય સેવા (A.I.S.) અધિકારીઓને પણ લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(આઇ. ડી. ચૌધરી)**
નાયબ સચિવ
નાણા વિભાગ

**નકલ રવાના પ્રતિ–:**

* માન .રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
* માન .મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

તમામ માન. મંત્રીશ્રી/રાજ્યકક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત લોકાયુક્ત કચેરી, લોકાયુક્ત ભવન, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના તમામ વિભાગો/સર્વે ખાતાના વડાઓ
એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ–૧, ગુજરાત, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ), ગુજરાત, પો.બો. નં. ૨૨૦, રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત, અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
સ્થાનિક ભંડોળ હિસાબ, ડી. એ. ટી.ગાંધીનગર /સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
તમામ નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.
સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ .....વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

સિલેક્ટ ફાઈલ

* પત્ર દ્વારા